ક્રમાંક:જીઆઇડીસી/પોલિસી/પોસ્ટ વિતરણ/10
જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર.
તારીખ: ૨૪/૦૬/૨૦૨૪

// પરિપત્ર //

વિષય : નિગમ દ્વારા એમ.એસ.એમ.ઇ. અને મહિલા ઔદ્યોગિક પાર્કમાં ખાસ રાહત દરે ફાળવવામાં આવેલ પ્લોટના કિસ્સાઓમાં મોરેટોરિયમ પીરિયડમાં ઔપચારિક તબદીલીની મંજુરી આપવા બાબત.

સંદર્ભ :(૧) નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૫૦, તા.૧૫/૧૨/૨૦૧૫.

(૨) નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/પોલિસી/પોસ્ટ-વિતરણ/૦૯, તા.૨૨/૦૬/૨૦૨૨.

નિગમ હસ્તકની ચોક્કસ વસાહતોમાં સરકારશ્રીની વિવિધ યોજના હેઠળ ફાળવણીદારોને ચૂકવવા પાત્ર વિતરણ કિંમતમાં સહાય ઉપલબ્ધ કરવામાં આવે છે. સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ નંબર એમઆઇએસ /૧૦૨૦૧૫/૪૩૦૯૦૬/ચ, તા. ૧૦/૦૩/૨૦૧૫ અને તા. ૦૬/૧૨/૨૦૧૮ મુજબ એમ.એસ.એમ.ઇ. પાર્ક અને મહિલા ઔદ્યોગિક પાર્કમાં પ્રોત્સાહન સહિતના ફાળવણીદર લાગુ કરીને ખાસ રાહત દરે પ્લોટ ફાળવવામાં આવે છે. નિગમની પ્રવર્તમાન તબદીલીની નીતિ મુજબ આ પ્રકારનાં ખાસ રાહત દરે ફાળવણી કરવામાં આવેલ પ્લોટમાં ફાળવણીદારના મૃત્યુના કિસ્સામાં વારસદારની તરફેણમાં વારસાઇ સિવાયના અન્ય કિસ્સાઓમાં તબદીલીની (ઔપચારિક કે અનૌપચારિક બંને પ્રકારની તબદીલી) મંજુરી આપવામાં આવતી નથી, જેમાં સુધારો કરી નીચે મુજબની નીતિ અમલમાં મુકવામાં આવે છે.

"એમ.એસ.એમ.ઇ. પાર્ક તેમજ મહિલા ઔદ્યોગિક પાર્કમાં ખાસ રાહત દરે ફાળવવામાં આવેલ પ્લોટના કિસ્સાઓમાં મોરેટોરિયમ પીરિયડમાં ઔપચારિક પ્રકારની તબદીલીની મંજુરી કોઇ પણ પ્રકારની તબદીલી ફી કે વણવપરાશી શુલ્ક વસૂલ્યા વિના આપી શકાશે."

નિગમના તમામ સંબધિત અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ એ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો. સદર નીતિ જારી થયા પહેલાં જે નિર્ણય થયેલ હોય તેવા કિસ્સાઓને પુન: ઉખેડવાના રહેશે નહિ.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

<u>નકલ રવાના</u> :

૧. મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ... તરફ નિગમની વેબસાઇટ પર અપલોડ કરવાં સારૂ તેમજ ઓનલાઇન મોડ્યુલમાં યોગ્ય સુધારા કરવા સારૂ.
૨. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, ગાંધીનગર તરફ જાણ સારૂં.
૩. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂં.

રવાના કર્યું,

મેનેજર (મહેકમ)